નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ;
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને
ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક
વિકાસ નિગમની વ્યક્તિલક્ષી અને શૈક્ષણિક
યોજનાઓમાં આવક મર્યાદા વધારવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/ASO/e-file/172022/0052/G

સચિવાલય, ગાંધીનગર

તા.૦૨/૧૧/૨૦૨૨

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧ તા.૨૪/૧૦/૨૦૧૭

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૩/૪૩૮/અ.૧(પા.ફા.) તા.૦૯/૦૩/૨૦૧૯

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧ તા.૧૫/૦૮/૨૦૧૮

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧ તા.૨૫/૦૧/૨૦૧૯

(૫) નિયામકશ્રી(અ.જા.ક.)નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧&મ/૨૦૨૨-૨૩/૬૯૦૦, તા.૧૫/૦૯/૨૦૨૨

(૬) નિયામકશ્રી(વિ.જા.ક)નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/આવકમર્યાદા/૨૦૨૨-૨૩/૧૦૫૬, તા.૧૩/૦૯/૨૦૨૨

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ; નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ તથા ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હસ્તક વિવિધ વ્યક્તિલક્ષી અને શૈક્ષણિક યોજના ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૨૪/૧૦/૨૦૧૭ અને વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના તા.૦૯/૦૩/૨૦૧૯ના ઠરાવોથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની વિવિધ યોજનાઓમાં આવક મર્યાદા નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના

તા.૧૫/૦૮/૨૦૧૮ અને વંચાણે લીધેલ ક્રમાંક:(૪) પરના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવોથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વિવિધ યોજનાઓમાં આવક મર્યાદા નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૫) પરના તા.૧૫/૦૯/૨૦૨૨ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા તથા વંચાણે લીધેલ ક્રમાંક:(૬) પરના તા.૧૩/૦૯/૨૦૨૨ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ નિયામકશ્રી(અજાક) દ્વારા વિવિધ વ્યક્તિલક્ષી અને શૈક્ષણિક યોજનામાં આવક મર્યાદા વધારીને રૂ.૬.૦૦ લાખ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ; નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ અને ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળની નીચે મુજબની વ્યક્તિલક્ષી અને શૈક્ષણિક યોજનાઓમાં આવક મર્યાદા વધારીને રૂ.૬.૦૦ લાખ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની યોજનાઓ

| અ.નં. | યોજનાનુ નામ |
|---|---|
| ૧ | એમ. ફીલ અને પી.એચ.ડીના અભ્યાસક્રમ માટે શિષ્યવૃતિ (બીસીકે-૧૧) |
| ૨ | સાધન સહાય યોજના(બીસીકે-૧૨) |
| ૩ | અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયોનો નિભાવ અને વિકાસ (બીસીકે-૨૪) |
| ૪ | ખ્યાતનામ ખાનગીશાળામાં અભ્યાસ કરવા માટે આર્થિક સહાય (બીસીકે-૩) |
| ૫ | ટેલેન્ટ પુલ યોજના (બીસીકે-૩૫૬) |
| ૬ | ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની કન્યાઓને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ ભેટ (બીસીકે-૬) |
| ૭ | અનુસૂચિત જાતિના આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ સહાય(બીસીકે-૧૩) |
| ૮ | અનુસૂચિત જાતિના ધો-૧૧, ધો-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ ગુણવતા પ્રોત્સાહક સહાય (બીસીકે-૭) |
| ૯ | અનુસૂચિત જાતિના ધો-૧૧, ધો-૧૨માં સામાન્ય પ્રવાહમાં (વિજ્ઞાન પ્રવાહ સિવાય) અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ ગુણવતા પ્રોત્સાહક સહાય (બીસીકે-૮) |
| ૧૦ | સંતશ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના |

| | |
|---|---|
| ૧૧ | ફૂડબીલ સહાય (બી.સી.કે-૧૦) |
| ૧૨ | ડૉ.પી.જી.સોલંકી કાયદાના સ્નાતકોને લોન / સહાય યોજના (બીસીકે-૩૨) |
| ૧૩ | ડૉ.પી.જી.સોલંકી અનુ.જાતિના તબીબી સ્નાતકોને લોન / સહાય યોજના (બીસીકે-૩૨) |
| ૧૪ | કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજના (બીસીકે – ૪૭/૭૪) |
| ૧૫ | સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના (બીસીકે – ૬૨) |
| ૧૬ | અનુસૂચિત જાતિના ખેડૂતોને ખેતીની જમીન ખરીદવા નાણાંકીય સહાય યોજના |
| ૧૭ | માનવ ગરીમા યોજના (બીસીકે-૩૧) |
| ૧૮ | ડૉ.આંબેડકર આવાસ યોજના (બીસીકે – ૫૦,૫૧,૫૨) |
| ૧૯ | કુંવરબાઈનું મામેરૂ યોજના (બીસીકે – ૫૫) |
| ૨૦ | માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહ લગ્ન યોજના (બીસીકે – ૫૭) |

(૨) <u>નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની યોજનાઓ</u>

| અ.નં. | યોજનાનુ નામ |
|---|---|
| ૧ | પ્રિ એસ.એસ.સી શિષ્યવૃત્તિ (ધો.૯ થી ૧૦) |
| ૨ | પોષ્ટ એસએસસી શિષ્યવૃત્તિ |
| ૩ | મેડીકલ અને એન્જીયરીંગના વિદ્યાર્થીઓને ફુડબીલ |
| ૪ | મેડીકલ અને એન્જીયરીંગના સાધનો ખરીદવા સહાય |
| ૫ | આઇ.ટી.આઇના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ |
| ૬ | ધો.૧૧ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય |
| ૭ | એમ.ફીલ/પી.એચ.ડી શિષ્યવૃત્તિ યોજના |
| ૮ | સરસ્વતી સાધના સાયકલ યોજના |
| ૯ | વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પુલ યોજના |
| ૧૦ | પછાતવર્ગના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો |
| ૧૧ | અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા (આશ્રમશાળા) |
| ૧૨ | કુમાર અને કન્યા સરકારી છાત્રાલયો |
| ૧૩ | આદર્શ નિવાસી શાળાઓ |
| ૧૪ | કુટિર ઉદ્યોગો માટે નાણાંકીય સહાય (બેંકેબલ યોજના) |
| ૧૫ | સ્વરોજગારી માટેની માનવ ગરીમા યોજના |
| ૧૬ | ગુજકેટ, NEET, JEE, PMT, નિફ્ટ, એન.એલ.યુ વગેરે પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટેની કોચીંગ માટે સહાય |

| | |
|---|---|
| ૧૭ | પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના |
| ૧૮ | કુંવરબાઈનું મામેરૂ |
| ૧૯ | સાતફેરા સમૂહ લગ્ન યોજના |

(૩) ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળની યોજનાઓ

| અ.નં. | યોજનાનુ નામ |
|---|---|
| ૧ | ભોજનબિલ સહાય યોજના |
| ૨ | કોચીંગ સહાય (ટ્યુશન) |
| 3 | JEE, GUJCET, NEET પરીક્ષા માટે કોચીંગ સહાય |
| ૪ | સ્પર્ધાત્મક સહાય યોજના |

શરતો:

(૧) સદરહુ યોજનાઓના ભૌતિક લક્ષ્યાંકમાં વધારો કર્યા સિવાય આવક મર્યાદાનું ધોરણ વધારી રૂ.૬.00 લાખ કરવામાં આવે છે.

(૨) ઉક્ત યોજનાઓ માટે મળેલ અરજીઓ પૈકી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓની અરજીઓને અગ્રતા આપવાની રહેશે.

(૩) જે તે નાણાકીય વર્ષના અંતે બાકી રહેતા લાભાર્થીઓને આગામી નાણાકીય વર્ષમાં કેરી ફોરવર્ડ કરી શકાશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૦/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી. પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨, સાતમો માળ, ડી-૨ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા./વિ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૨